દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫

બ્રિટનમાં ઈમિગ્રેશનના મુદ્દે ભારે તનાવ છે

શનિવારે સેન્ટ્રલ લંડનમાં તાજેતરના યુકેના ઇતિહાસમાં સૌથી મોટા જમણેરી વિરોધ પ્રદર્શનોમાંનું એક જોવા મળ્યું, જેમાં ઇમિગ્રેશન વિરોધી કાર્યકર્તા ટોમી રોબિન્સનના બેનર હેઠળ 100,000 થી વધુ વિરોધીઓ કૂચ કરી રહ્યા હતા. પોલીસે એવું પણ જણાવ્યું હતું કે પ્રદર્શનો દરમિયાન ઘણા અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. "યુનાઇટ ધ કિંગડમ" કૂચ તરીકે ઓળખાતી આ ઘટનામાં પોલીસે આશરે 110,000 સહભાગીઓ ભાગ લીધો હોવાનો અહેવાલ આપ્યો હતો. રોબિન્સનની રેલીની સામે "સ્ટેન્ડ અપ ટુ રેસિઝમ" પ્રતિ-વિરોધ રેલી યોજાઈ હતી, જેમાં લગભગ 5,000 લોકો જોડાયા હતા. મેટ્રોપોલિટન પોલીસે દિવસભરમાં ઘણી વખત દખલ કરવી પડી હતી જેથી અથડામણો અટકાવી શકાય, જેમાં "યુનાઇટ ધ કિંગડમ" ના પ્રદર્શનકારીઓને બે વિરોધ પ્રદર્શનો વચ્ચે સ્થાપિત બફર ઝોનમા પ્રવેશતા અટકાવવા, પોલીસ કોર્ડન તોડવા અથવા વિરોધી જૂથો સુધી પહોંચવાથી રોકવાનો સમાવેશ થાય છે.

આ કૂચ યુકેમાં ભારે ગરમા ગરમીના પરાકાષ્ઠાનું પ્રતીક હતી, જે ગરમી ઇમિગ્રન્ટોના રહેઠાણ ધરાવતી હોટલોની બહાર વિરોધ પ્રદર્શનો દ્વારા અનુભવી શકાતી હતી. સહભાગીઓએ યુનિયન ધ્વજ અને લાલ અને સફેદ સેન્ટ જ્યોર્જ ક્રોસ બંને લહેરાવ્યા હતા, જેમાં કેટલાકે અમેરિકન અને ઇઝરાયલી ધ્વજ પણ પ્રદર્શિત કર્યા હતા. ઘણા પ્રદર્શનકારીઓએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સંકળાયેલ "મેક અમેરિકા ગ્રેટ અગેઇન" ટોપીઓ પહેરી હતી. વડા પ્રધાન કીર સ્ટાર્મરની ટીકા કરતા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને "તેમને ઘરે મોકલો" જેવા સંદેશાઓવાળા પ્લેકાર્ડ દેખાતા હતા. કેટલાક ઉપસ્થિતો આ કાર્યક્રમમાં બાળકોને પણ લાવ્યા હતા. ટોમી રોબિન્સન, જેમનું સાચું નામ સ્ટીફન યેક્સલી-લેનન છે, તેમણે "યુનાઇટ ધ કિંગડમ" કૂચને વાણી સ્વતંત્રતાના ઉજવણી તરીકે રજૂ કરી હતી. રેલીમાં કાર્યકરોએ અમેરિકન રૂઢિચુસ્ત વ્યક્તિ ચાર્લી કિર્કના તાજેતરના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો, જેમને આ અઠવાડિયાની શરૂઆતમાં ગોળી મારી દેવામાં આવી હતી. X પરના એક સંદેશમાં, રોબિન્સને કહ્યું હતું કે આપણે આપણી સ્વતંત્રતાઓ માટે એક થઈએ છીએ ત્યારે સેંકડો હજારો લોકો મધ્ય લંડનની શેરીઓમાં પહેલેથી જ ભરાઈ ગયા છે.

બ્રિટનમાં છેલ્લા કેટલાક સમયથી ઇમિગ્રેશનના મુદ્દે ભારે તનાવ છે. આગળના શનિવારે, પોલીસે વિરોધ જૂથ પેલેસ્ટાઇન એક્શન પર સરકારના પ્રતિબંધ સામેના પ્રદર્શનમાં લગભગ 900 લોકોની ધરપકડ કરી હતી. આ કૂચ યુકેમાં ભારે ગરમીના પરાકાષ્ઠાનું પ્રતીક હતી, જેમાં સ્થળાંતર કરનારાઓને રહેઠાણ આપતી હોટલોની બહાર વિરોધ પ્રદર્શનો થયા હતા. રોબિન્સન પોતાને એક પત્રકાર તરીકે વર્ણવે છે જે સરકારી ગેરરીતિઓનો પર્દાફાશ કરે છે અને યુએસ અબજોપતિ એલોન મસ્ક જેવી પ્રભાવશાળી વ્યક્તિઓને તેમના સમર્થકોમાં ગણે છે. તેમની પ્રસિદ્ધિ હોવા છતાં, બ્રિટનનો સૌથી મોટો ઇમિગ્રન્ટ વિરોધી રાજકીય પક્ષ અને તાજેતરમાં મતદાનમાં આગળ રહેલા પક્ષ રિફોર્મ યુકેએ, તેમના ગુનાહિત ભૂતકાળને કારણે રોબિન્સનથી અંતર જાળવી રાખ્યું છે. ઇમિગ્રેશન બ્રિટિશ રાજકીય માહોલ પર આજકાલ પ્રભુત્વ ધરાવે છે, જેમાં દેશની સંઘર્ષશીલ અર્થવ્યવસ્થા વિશેની ચિંતાઓ પણ શામેલ છે. યુકેમાં રેકોર્ડ સંખ્યામાં આશ્રયના દાવાઓ જોવા મળ્યા છે, આ વર્ષે અત્યાર સુધીમાં ઇંગ્લિશ ચેનલ પાર કરીને નાની હોડીઓમાં 28,000 થી વધુ સ્થળાંતર કરનારાઓ પહોંચ્યા છે. લાલ અને સફેદ અંગ્રેજી ધ્વજની હાજરી શેરીઓમાં ઉભરી આવી છે અને દેશભરના રસ્તાઓને રંગી રહી છે.

જ્યારે આના સમર્થકો આને રાષ્ટ્રીય ગૌરવના ફુદરતી પ્રદર્શન તરીકે રજૂ કરે છે, ત્યારે જાતિવાદ વિરોધી કાર્યકરો દલીલ કરે છે કે ધ્વજ વિદેશીઓ પ્રત્યે દુશ્મનાવટનો સંદેશ રજૂ કરે છે. શનિવારની કૂચ અને તણાવ બ્રિટનમાં ઇમિગ્રેશન, રાષ્ટ્રીય ઓળખ અને વાણી સ્વતંત્રતા પર ચર્ચાઓ તીવ્ર બનતી જાય છે ત્યારે બ્રિટનમાં ઊંડાણપૂર્વકના વિભાજનને પ્રકાશિત કરે છે.

એક સાચો મિત્ર

આજના સોશ્યલ મિડિયાના જમાનામાં સેંકડો અને હજારો ફ્રેન્ડસ અને લાખો ફોલોઅર્સ બધાને મેળવવાં છે અને જેની પાસે છે તેઓ પોતાને જીવનમાં એકદમ સફળ ગણે છે અને જેન્ઝી જનરેશન તો સોશ્યલ મિડિયા પર લાઇક્સ અને કમેન્ટ મેળવવા માટે જ કંઈ પણ કરે છે અને તે મેળવીને ખુશ રહે છે. રીતુના સોશ્યલ મિડિયા પર ૧૨૦૦થી વધારે ફ્રેન્ડસ હતાં અને તેના ફોલોઅર્સ પણ વધી રહ્યાં હતાં.રોજ તે કૈંક પોસ્ટ કરતી અને અનેક લાઇક્સ મળતાં એટલે ખુશ ખુશ થઇ જતી, સતત ફોનમાં જ રહેતી અને તેનું ભણવામાં ધ્યાન પણ ઓછું હતું. તેને ઘરમાં કોઈ ફોન છોડી ભણવા પર ધ્યાન આપવા કહેતું તો તે વાત હસવામાં ઉડાડી દેતી.એક દિવસ તેની મમ્મીએ તેને કહ્યું કે, ''ભણવા પર ધ્યાન આપ. આ સોશ્યલ મિડિયાનું ગાંડપણ છોડ.'' સામે રિતુએ પ્રશ્ન કર્યો, ''મમ્મી, તું કોલેજમાં હતી ત્યારે તારાં કેટલાં ફ્રેન્ડસ હતાં?''મમ્મીએ જુના દિવસો યાદ કરતાં ખુશીથી કહ્યું, ''અમે ચાર બહેનપણીઓ હતી અને તેમાંથી એક વિદેશ છે. એક બહારગામ રહે છે અને મીતા આન્ટીને તું ઓળખે છે. અમે બાળપણથી આજ સુધી મિત્રો છીએ અને જીવનભર રહેશું.'' મમ્મીનો જવાબ સાંભળી રિતુ હસવા લાગી અને બોલી, ''કોલેજમાં બસ ચાર ફ્રેન્ડસ અને અત્યારે એક જ... મમ્મી,જયારે જરૂર પડે ત્યારે મિત્રો જ કામ લાગે માટે મિત્રો બનાવતાં રહેવું જરૂરી છે. મારા તો હજારથી વધારે ફ્રેન્ડસ થઇ ગયાં છે. આટલા બધા મિત્રો છે મારા અને તારી પાસે એક જ ....''રિતુ હસતી હસતી પોતાના રૂમમાં જતી રહી. પરીક્ષા નજીક આવી અને રિતુ હવે જાગી કે તેની પાસે તો પૂરી નોટ્સ પણ નથી. મમ્મીએ કહ્યું, ''કોઈ ફ્રેન્ડ પાસેથી લઇ લે.'' રિતુએ જવાબ આપ્યો, ''મમ્મી અત્યારે છેલ્લી ઘડીએ મને નોટ્સ આપે એવું મારું કોઈ ક્લોઝ ફ્રેન્ડ નથી.'' આ જવાબ સાંભળી રીતુની મમ્મી કંઈ ન બોલી, રીતુને પોતાને નવાઈ લાગી કે આ પોતે શું બોલી? મમ્મીએ કહ્યું, ''તું તો કહેતી હતી કે મારા તો હજારોની સંખ્યામાં ફ્રેન્ડસ છે અને શું કોઈ એક એવું ફ્રેન્ડ નથી જે તને ઝેરોક્સ કોપી કરાવવા માટે એક કલાક માટે પોતાની નોટ્સ આપે?'' રિતુ કંઈ બોલી નહિ પણ રડમસ થઈ ગઈ. મનમાં વિચારવા લાગી કે ''તેને તો ખબર જ નથી કે કોને નોટ્સ બરાબર લખી હશે અને કોણ અત્યારે આપવા તૈયાર થશે.'' ત્યાં થોડી વારમાં મીતા આન્ટી નોટ્સ લઈને આવ્યાં અને રિતુને આપતાં બોલ્યાં, ''આ લે નોટ્સ મારી નીચે તારી કોલેજનો છોકરો રહે છે તેની પાસેથી લાવી છું. જલ્દી ભણવા બેસ.'' મમ્મી મીતા આન્ટી માટે તેમને ભાવતી કોફી લઈને આવી અને રીતુને કહ્યું, ''દીકરા મિત્ર ભલે એક હોય પણ ખાસ અને નજીકનો હોવો જોઈએ તે સમજજે અને આ સોશ્યલ મિડિયાની હવાઈ કિલ્લા જેવી દુનિયામાંથી બહાર આવી વાસ્તવિક દુનિયામાં જીવતાં શીખ.''

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

અધ્યાપક, શિક્ષકના કાર્યભારની ગણતરી વ્યવહારુ રીતે ક્યારે થશે?

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

ઓફિસમાં ટેબલ ઉપર બેસીને અધિકારીશ્રીઓ દ્વારા લેવાતા નિર્ણયો ક્યારેક એવા અવ્યવહારુ પ્રશ્નો ઊભા કરે છે જેનો ઉકેલ પછી તેમને પણ નથી દેખાતો. આપણે આ કોલમમાં વારંવાર ઉચ્ચ શિક્ષણમાં નિયમોને કારણે સર્જાતી ગૂંચવણો વિષે વાત કરીએ છીએ અને નવી શિક્ષણનીતિની ચર્ચામાં પણ વારંવાર ઉલ્લેખ કર્યો કે નીતિ નવી અને નિયમો જુના? આવું ક્યાં સુધી ચાલશે? અને આવી શિક્ષણનીતિમાં કાર્યભારથી માંડીને કામના કલાકો સુધીના નિર્ણયો અધિકારીઓ લેવાનું બંધ ક્યારે કરશે?

મુદ્દો સમજવા માટે એક ઉદાહરણ લઈએ. જે ગુજરાતની અનેક કોલેજોમાં વાસ્તવિક સ્થિતિ છે. ધારો કે એક આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજ છે જેમાં ત્રણેય વર્ષમાં અભ્યાસ કરતાં ત્રણેય વિદ્યાશાખાનાં કુલ 900 વિદ્યાર્થી છે. મતલબ આર્ટ્સમાં 300, કોમર્સનાં 300 અને સાયન્સનાં 300- એટલે દરેક વર્ષનાં 100 વિદ્યાર્થી છે. હવે અંગ્રેજી વિષય ત્રણેય વિદ્યાશાખામાં ભણાવાય છે અને ફરજીયાત અંગ્રેજી માટે જુના નિયમમાં દર અઠવાડિયે 2 લેક્ચર છે એટલે આર્ટ્સમાં 6, કોમર્સમાં 6 અને સાયન્સમાં 6 લેક્ચર થાય! ટૂંકમાં ત્રણેય વિદ્યાશાખામાં ત્રણેય વર્ષનાં કુલ મળીને 18 વ્યાખ્યાન થાય. આપણા શિક્ષણ ખાતાના નિયમ અને નીતિ મુજબ 16 લેક્ચર માટે એક અધ્યાપક ફાળવાય અને બાકી વધે 2 તે માટે કોઈ અધ્યાપક ફાળવાય નહીં. 2શું 6 વધે તો પણ અધ્યાપકની એક જ જગ્યા મળે બે નહીં! એટલે આખી કોલેજમાં તમામ સેમ.માં તમામ વિદ્યાશાખામાં અંગ્રેજી ભણાવવા માટે એક જ અધ્યાપક મળે જેને 18 લેક્ચર લેવાનાં થાય. ધારોકે તે નિયમ મુજબ 16 જ લે અને વ્યવહારુ રસ્તા શોધે તો પણ કોલેજનાં 900 વિદ્યાર્થીનાં યુનિટ ટેસ્ટનાં પેપર તપાસવાં, એસાઈનમેન્ટ તપાસવાં, આંતરિક ગુણાંકન તૈયાર કરવા. આ બધાં જ કામ તેમને એકલાને જ કરવાનાં થાય. આની સામે જો સાયન્સમાં જોઈએ તો લેક્ચરમાં સંખ્યા સરખી હોય પણ પ્રેક્ટીકલ 20 ની બેચ હોય એટલે 100 વિદ્યાર્થીમાં બેચ પાંચ બને. 300 વિદ્યાર્થીમાં 15 બેચ બને અને ત્રણ વર્ષ છ સેમેસ્ટરનાં પેપર મુજબ આ ગણતરીનો ગુણાકાર થાય તો 300 વિદ્યાર્થી માટે 7 અધ્યાપક જોઈએ.

આમ એક વિષયમાં 900 સામે એક અને બીજામાં 300 સામે સાત! હા, શૈક્ષણિક કામગીરી વર્ક લોડમાં સરખી ગણાઈ પણ તે સિવાયની કામગીરી વર્કલોડમાં ગણાઈ નહિ એટલે પેપર તપાસવાથી માંડીને એસાઈન્મેન્ટ સુધીનું કામ 300 જણાનું 7 વચ્ચે વહેંચાય, જ્યારે 900 માટે આ કામ એક જ વ્યક્તિએ કરવું પડે!

આ તકલીફ આટલે નથી અટકતી. જો આ જગ્યા ખાલી પડે તો પ્રિન્સીપાલ માટે આ કામ અઘરું થાય છે અને એક જ અધ્યાપક રજા ઉપર હોય કે અન્ય પ્રશ્ન હોય ત્યારે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા અઘરી બને છે. વળી અહીં સાયન્સ, આર્ટ્સ કે કોમર્સના વાદવિવાદનો મુદ્દો નથી કારણકે કોઈ વિદ્યાશાખાનાં અધ્યાપકો એવું નથી ઈચ્છતાં કે બીજાંને કામ વધારે આવે. આ આખી વાત નિયમોને કારણે ઊભી થતી વહીવટી, વ્યવહારુ સમસ્યાઓની છે અને આવા વ્યવહારુ પ્રશ્નો અનેક છે જેના વિષે નવી શિક્ષણનીતિ મૌન છે.

જેમકે વિદ્યાર્થી સંખ્યા. નવી નીતિમાં વર્ગસંખ્યા કોણ નક્કી કરશે? અધિકારીઓ કે શિક્ષણ વિદો? હાલ શાળાઓમાં વર્ગ દીઠ 60 અને કોલેજોમાં 150 સુધી પ્રવેશ અપાય છે. હવે માનસશાસ્ત્રના કયા સિદ્ધાંતો વર્ગ દીઠ આ સંખ્યાને આદર્શ માને છે? આમાં શિક્ષણ, પરીક્ષણ, સતત મૂલ્યાંકન અને નબળા પર વિશેષ ધ્યાન જેવા મુદ્દાઓ કેવી રીતે સિદ્ધ થાય? વળી સેમેસ્ટર સિસ્ટમ મુજબ દર છ મહિને પરીક્ષા લેવાની. પેપરલેસ થવાની વાતોમાં આપણી કોલેજોમાં કેટલો કાગળ બગડે છે તે તપાસાવું જરૂરી છે જેમકે એક કોલેજમાં 2000 વિદ્યાર્થીઓ છે. આ કોલેજ દરેક સેમેસ્ટરમાં આજે પણ સત્રાંત પરીક્ષા યોજે જ છે. હવે 2000 વિદ્યાર્થી, સાત વિષયના સાત પેપર એટલે 14000 ઉત્તરવહી ઉપયોગમાં લેવાય. આવી આવી વર્ષમાં બે વાર પરીક્ષા લેવાય એટલે 28 હજાર ઉત્તરવહી વપરાય. આ જ રીતે યુનિવર્સિટીઓ પાંચ લાખ વિદ્યાર્થીઓની દર સેમેસ્ટરમાં પરીક્ષા લે તો કેટલો કાગળ વપરાય? આપણે પરીક્ષણના નવા માર્ગો વિચારવા પડશે અને જે નવા માર્ગો સૂચવાયા છે તે નૈતિક રીતે અમલમાં મૂકવા પડશે. નવી શિક્ષણ નીતિમાં દરેક વિષયને વ્યવહારુ બનાવવા પર ભાર મુકાયો છે. પ્રયોગાત્મક માત્ર વિજ્ઞાનમાં ના હોય, તમામ વિષયમાં હોય તે સ્વીકારાયું છે ત્યારે સરકારનું શિક્ષણ ખાતું અન્ય વિષયોમાં પ્રાયોગિક બાબતો મહત્ત્વની ગણે અને તે પણ કાર્યભારનો હિસ્સો બનાવે તો જ અન્ય વિષયમાં પણ પ્રયોગલક્ષી કામ થશે.

આખી વાત નિયમોને કારણે ઊભી થતી વહીવટી, વ્યવહારુ સમસ્યાઓની છે અને આવા વ્યવહારુ પ્રશ્નો અનેક છે જેના વિષે નવી શિક્ષણનીતિ મૌન છે. જેમકે વિદ્યાર્થી સંખ્યા. નવી નીતિમાં વર્ગસંખ્યા કોણ નક્કી કરશે? અધિકારીઓ કે શિક્ષણ વિદો?

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

માયા બ્રહ્મ નથી, ભ્રમ નથી, ધર્મ છે..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

થોભો..! ટાઈટલ વાંચીને મોઢું કટાણુ ના કરો, હાસ્યની જ વાત માંડવાનો છું. કથા કરવાનો નથી. છટકો છો ક્યાં..? આ તો મસાલેદાર વાનગી બનાવવા તેજાના નાંખે એમ, આધ્યાત્મિક શબ્દોનો વઘાર કર્યો. સ્વાદિષ્ટ ભજીયાને કોઈક કથાના ફરફરિયામાં બાંધીને આપે, તેથી ભજીયાના સ્વાદમાં આધ્યાત્મિક ભાવ અભડાતો નથી. એમ, ધ્યાન ફરફરિયામાં નહિ, સ્વાદી ભજીયામાં રાખવાનું હોય..! કાશ્મીરી પુલાવમાં કાશ્મીર ભલે ના આવે, પણ આમાં હાસ્ય આવે..! લેખમાં બ્રહ્મ પણ નથી, ભ્રમ પણ નથી, માટે ભ્રમિત થવાની જરૂર નથી. માત્ર હાસ્યની સરવાણી છે! માયા-બ્રહ્મ અને ભ્રમ શબ્દો ભલે સાથિયા જેવા રૂપાળા લાગે, બાકી ઊંડા ઊતરીએ તો જ ખબર પડે કે, કેટલા જટિલ છે? એક જ બેઠકે ભેજામાં ઉતારવા સરળ નથી. કપાયેલા પતંગમાં બીજા પતંગ ભેરવાય ને જે ગૂંચ ઊભી થાય તેવું..! ચગાવનારને એવા ગૂંચવાડામાં નાંખે કે, પોતે તો ચગે જ નહિ, જેનો ચગતો હોય એને પણ હેઠો પાડે..! બ્રહ્મ હોય, ભ્રમ હોય, ધર્મ હોય, ત્યાં હાસ્ય પણ સદૈવ હોય..! પણ ચાંચ લાંબી અને ડૂબતી હોય, ત્યાં જ પાણી પીવા જવાય, એના જેવું છે. પછી ભલે ને ગમે એટલી તરસ લાગી હોય..! બ્રહ્મ એ સંતોનો શ્વાસ, ભ્રમ એ ફિલસૂફોનો ખોરાક અને માનવીનું મગજ એ માયાનું સરનામું છે. ધોધમાર વિષાદમાં હળવાશ ત્યારે જ મળે, કે માનવી પાસે માયાવી હાસ્યની મૂડી હોય. સવા લાખનો સવાલ એ છે કે, સમયની થપાટે કોઈને રેઢા મૂક્યા નથી. યાદ હોય તો, ઋષિઓ પહેલાં જંગલમાં વાસ કરતા. હવે On line મળી જાય. (કેટલાકે તો રાજધાની પકડી લીધી..!) મોબાઈલધારકને તો ખોળામાં પણ ઋષિ-સંતો દર્શન આપે, એવો આજનો માહોલ છે..! વનવાસ લેવાની પ્રથા નાબૂદ થઇ, એટલે હવે વનવાસ લેતા નથી, એ અલગ વાત છે. બાકી શ્રી રામ જેવો વનવાસ તો ભાગ્યે જ કોઈ નેતાએ ખેડ્યો હોય..! રાજકારણીઓ વનવાસ ભલે લેતા ના હોય, પણ ઋષિઓ તો વનવાસ છોડીને હવે ટહેલે છે. સમયનું એ સ્થાપન છે..! આ તો ગમ્મત..!

એના કપાળમાં કાંદા ફોડું, માયાના સમૂળગા મર્મ બદલાયા દાદૂ..! માયા માથે ચઢીને સ્વાર્થી અને સ્વચ્છંદી બની ગઈ. માયાને ગમે ત્યાં લંગર નાંખવાની આદત પડી ગઈ. ક્યારેક તો માયા અને કાયા વચ્ચે એવો ૩૬ નો આંકડો, બેસી ગયો કે, એક ખેંચે ગામ ભણી ને બીજો ખેંચે સીમ ભણી! બંને એકબીજાનાં પૂરક ખરા પણ, પૂર્ણ નહિ. કાયા પાંગળી બની ગઇ, ને માયા મહાકાય..! આખી સીસ્ટમ બદલાઈ ગઈ. પૈસો એ ડાબા હાથનો મેલ નહિ, ખેલ બની ગયો. એટલે તો, 'સિઝેરિયન' વગર હવે પૃથ્વીના વિઝા મળતા નથી ને'વેન્ટીલેટર' વગર સ્વર્ગસ્થ થવા Exit મળતી નથી. એક સમય હતો કે, મા-બાપને ૭ છોકરાંઓ ભલે હોય, પણ સાતેયને સાચવતાં, ભણાવતાં ને પગભર કરતાં. આજે તો બે છોકરાની મૂડી હોય એ મા-બાપનાં પૂનમ અને અમાસના વારા બાંધે..! હાથલાકડી થવાની વાત તો દૂરની, મગજ ફર્યો તો વૃધ્ધાશ્રમનું સ્વર્ગ પણ બતાવે..! શ્રવણનું Production હવે થતું નથી. મર્યા પછી ભાદરવામાં ખીર ખવડાવે એનાથી ઓડકાર ખાઈ લેવાનો. ભૂલાઈ ચાલ્યું કે, જે માએ મને ચાલતો કરવા, મારી ઠુમક..ઠુમક ચાલ સાથે ચાલીને, દોડતો કર્યો, કેડ ઉપર બેસાડીને, કેડ સુધીની દુનિયા બતાવતી, લુગડાનો પાલવ પકડાવીને લાલનપાલન કરતી, એનો કેટલો ઉપકાર મારા માથે છે! ખૂણો પડે ત્યાં મંદિરિયું ગોઠવાય, એમ મા ખૂણે ઝૂરે ત્યારે વેદના થાય. સાયકલ ભલે ખખડધજ હોય, પણ એમાંય પિતાથી આગળ ટચુકડી સીટ બનાવી, તેમાં બેસાડીને દુનિયા બતાવી, એને દીકરા હવે દાવ બતાવે એ તાસીર છે. પિતા ફાટેલું પહેરણ પહેરે પણ, દીકરાની 'બ્રાન્ડેડ' જરૂરિયાત પૂરી પાડે, એ મા-બાપ હવે માત્ર રેશનકાર્ડમાં જ જીવંત હોય તો એની વેદના થવી જોઈએ.

માત્ર Mother's day અને Father's day પૂરતો જ એમને આધાર નહિ બનાવાય..! આજે તો મા-બાપે પોતાના શ્વાસ ટકાવવા પોતે જ પંપ મારવા પડે, એવા પણ બનાવો બનતા હશે. એને કહેવાય જગત મિથ્યા છે ને બ્રહ્મ સત્ય છે. પહેલાં મકાન નાનાં હતાં, પણ માણસનાં મન મોટાં રહેતાં. જેમ જેમ મકાન મોટાં થતાં ગયાં, એમ માણસનાં મન નાનાં થતાં ગયાં! પોતાના શ્વાસ પોતાના માટે જ વાપરવાની લીમીટેડ કંપની બની ગઈ.

આજે બોલી અને રીતભાતની રોટલો ને છાશના સંસ્કારે જ આ ભારતને અખંડ રાખેલો. આજે તો માણસ એવો આડો ફાટ્યો કે, મા ની ઓળખ પણ બદલાવા માંડી. ગામડામાં માને 'માય' કહીને બોલાવતાં માનું હૈયું ભરાઈ જતું. આજે મા મમ્મી બની ગઈ, મમ થઈ ગઈ, મોમ થઇ ગઈ, Mother's day નું ફર્નીચર બની ગઈ.! આ ભ્રમ નથી, પણ બ્રહ્મ જેટલું સત્ય છે! ઘરમાં ઘોડિયાં છે, પણ હાલરડાં આવડતાં નથી. પછી શિવાજી છે. બોલબાલા અંગ્રેજી ભણવું જરૂરી છે, એની ટીકા નથી કરતો. એ મા નથી, પણ માસી હોવા છતાં, મા જેટલો ઉછેર કરીને દુનિયા સાથે છેડાગાંઠી કરાવે છે. પણ સંસ્કારને ગિરવે મૂકીને જો છેડાગાંઠી થતી હોય તો, એ સંસ્કૃતિનું પતન છે. ભાષા કોઈ પણ હોય, ભૂખને કોઈ ભાષા હોતી નથી. ઈંગ્લીશ મિડિયમમાં ભણનારને 'અંગ્રેજી'માં ભૂખ લાગતી નથી. બાજરાનો પ્રેમમાં દુકાળનાં વાદળ ઊતરી આવ્યાં હોય એવું લાગે. બંને બાખડે ત્યારે જ બહુવચનમાં વાક્યરચના આવે! ત્યાં સુધી બધું એકરાગી હોય..! આ પ્રથા ખરાબ નથી, સારી છે..! બંને વચ્ચે પ્રેમભાવ જળવાયેલો રાખવા કાટલાં બદલવાં પડે તો બદલવાં જોઈએ. લગ્નજીવનની મધુરતા તો જળવાય છે ને..? આ તો માયા છે. જે બ્રહ્મ પણ નથી, ભ્રમ પણ નથી, એક ધર્મ છે..! પત્ની પોતાની લક્ષ્મણરેખા હવે પોતે દોરે છે. છતાં લગન કરતાં છૂટાછેડા હવે મોંઘા થતા ચાલ્યા. સમય એવો નહિ આવે તો સારું કે, લોકો છૂટાછેડાનો સમારંભ રાખે ને તેમાં છૂટાછેડાનાં ગીતો ગવાય. ભૂદેવ છૂટાછેડાનો યજ્ઞ રાખે. એકબીજાના છેડા કાપવાથી મંત્રોચ્ચાર સાથે વિધિ થાય અને સૌની હાજરીમાં એવું કહે કે,

(વર કન્યા સાવધાન...! આપેલી પહેરામણી પરત કરો સાવધાન..! આપેલી વીંટી ઊતારી યજ્ઞ સામે મૂકો સાવધાન..! મંગલસૂત્ર ઊતારો સાવધાન..! ઊંધા મંગળ-ફેરા ફરો સાવધાન...! વર- કન્યા પોતપોતાના ઘરની દિશામાં મોઢું કરો સાવધાન..! અક્ષર શૂન્યને બંને એકબીજાથી અલગ થઈ ગયાં સાવધાન..!)

લાસ્ટ બોલ

સ્વ. વિનોદ ભટ્ટે એક સરસ વાત લખી છે કે...

એક વાર બે અશ્રુ બિંદુ, એક જગ્યાએ ભેગા થઈ ગયાં. એકે બીજાને પૂછ્યું કે, 'તું કોની આંખનું બિંદુ છે..?' જવાબ એ મળ્યો કે, 'હું એ સ્ત્રીના આંખનું બિંદુ છું કે, જેના વરે તેને તરછોડીને અન્ય સ્ત્રી સાથે મૈત્રીકરાર કરી લીધા. પછી પેલા બિંદુએ પૂછ્યું કે, 'તું કોની આંખનું બિંદુ છે..?' તો તેણે કહ્યું કે, હું એ મૈત્રી કરારવાળી સ્ત્રીની આંખનું બિંદુ છું!'

સાલી એ વાતની સમજ પડતી નથી કે, અહીં પરણેલો પણ દુઃખી છે, કુંવારો પણ દુઃખી છે, તો આ બધા વચ્ચે સાલું મઝા કોણ લૂંટી રહ્યું છે?

તારા કપાળમાં કાંદા ફોડું..!

યાદ હોય તો, ઋષિઓ પહેલાં જંગલમાં વાસ કરતા. હવે ONLINE મળી જાય. (કેટલાકે તો રાજધાની પકડી લીધી..!) મોબાઈલધારકને તો ખોળામાં પણ ઋષિ-સંતો દર્શન આપે, એવો આજનો માહોલ છે..! વનવાસ લેવાની પ્રથા નાબૂદ થઈ, એટલે હવે વનવાસ લેતા નથી

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સમય કોઈનો, સગો નથી

'સમય બડા બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન' આ શબ્દો જીવન માટે ઘણું બધું કહી જાય છે. સમયનું ચક્ર ચાલ્યા જ કરે છે. કદી અટકતું નથી. સમયનો રંગ બદલાતો રહે છે. માણસનો સારો સમય પણ આવે અને સમાયાંતરે ખરાબ સમય પણ આવે છે. પરંતુ દરેક વ્યક્તિએ સમયની સાથે ચાલવું જોઈએ, જે વ્યક્તિ સમય સાથે નથી રહેતો, તેને સમય પણ સાથ નથી આપતો, કુદરત દરેક વ્યક્તિને એક દસકો આપે છે. તે સમયમાં જેટલી પ્રગતિ કરવી હોય તે કરી લેવાની સમયની વ્યાખ્યા એવી છે, કે તે નો કોઈ દોસ્ત-દુશ્મન કે સગો નથી, બધાને સરખો ન્યાય આપે છે. કોઈ પ્રત્યે ભેદભાવ નથી રાખતો, તમારી ઘડિયાળ બગડી જાય કે બંધ પડી જાય પરંતુ સમય કદી થોભતો નથી. સમયની ગતિ ન્યારી છે. રોડપતિને કરોડપતિ પણ બનાવી શકે છે. અને કરોડપતિને રોડપતિ બનાવતા વાર નથી લાગતી સમયની બલિહારી અને વિધિની વક્રતા કેવી છે. તે બાબતે કવિ બહેરામજી મલબારીએ કહ્યું હતું. 'સગા દીઠા મેં શાહ આલમના શેરીએ ભીખ માંગતા' આમ સમયને કોઈ ના કેમ કે ' Times is never for ever '

તરસાડા - માંડવી - પ્રવીણસિંહ મહિડા

દેશના ભ્રષ્ટ ગદ્દારોથી સાવધાન

દેશમાં ખાઇ બદેલા ભ્રષ્ટ સત્તાને પોતાની બાપૂકી મિલકત માનનારા અને માત્ર સત્તા પ્રાપ્તે માટે જ દેશમાં રખડતા ભટકતા નેતાઓનો વિચાર આ તબક્કે કરવો જ રહ્યો જેથી રખડતા-કરડતા શ્વાનોનો થતા અન્યાયની લીટીને ખાસ્સી નાની કરી, આ લખનાર રખડતા-કરડતા શ્વાનોની તરફદારી કરવાનું શ્રેય લેવા માગતો નથી. પણ રાષ્ટ્રની પ્રવર્તમાન પરિસ્થિતને ધ્યાનમાં રાખી માત્ર સત્તા લેવા દેશના ભ્રષ્ટ-ગદ્દાર નેતાની રખડતા શ્વાનો સાથે સરખામણી કરવા મજબૂર બન્યો છું. આ રખડતા અને હિંદુત્વ તથા સનાતન ધર્મ સામે સતત ભસતા રહેતા કૂતરાઓનો અતિતના શાસને ધ્યાનમાં લઈએ તો રાષ્ટ્રની સંસ્કૃતિ અને રાષ્ટ્રને પાયમાલ કરવાનો બદઈરાદો સ્પષ્ટ પણે જણાઈ આવે છે. તે રાષ્ટ્ર માટે વધુ જોખમી છે. શ્વાનોની વફાદારીમાં લેશમાત્ર પણ સંદેહ ન જ હોય શકે પણ સત્તા પ્રાપ્તિ માટે અને ભ્રષ્ટાચારમાં જ ખબદતા રહેવા માટે રચવાયા બની આમતેમ ટળવળતા અને હિંદુત્વને બચકા ભરતા દોડીને ભસતા કૂતરાઓની રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી શંકાના દાયરામાં હોવાને કોઈ રાષ્ટ્રપ્રેમી નકારી શકે એમ નથી અંતે હે પ્રભુ મારા રાષ્ટ્ર તથા સનાત ધર્મનું ગૌરવ જાળવજે.

ગણદેવી, નવસારી- અશ્વિન દેસાઈ

ગુજરાતી ભાષાના જતન ખૂબ જરૂરી છે

હમણાં એક ઘરે સાત-આઠ વર્ષના એક દીકરાને મળવાનું થયું. એ બહુ જ ચબરાક અને હોશિયાર છોકરો સરસ રીતે ગુજરાતીમાં વાત કરતો હતો. અનાયાસે મારી પાસે ગુજરાતી બાળવાર્તાની એક ચોપડી હતી, એ એને આપી તો એણે કહ્યું હું તો ઈંગ્લિશ મિડિયમમાં ભણું છું. મને આ વાંચતા નહીં ફાવે. NEP 2020 અંતર્ગત અંગ્રેજી માધ્યમમાં પણ હવે તો પ્રાદેશિક ભાષા ભણાવવી ફરજિયાત છે. છતાં માતૃભાષા પ્રત્યેનો આ લગાવ ચિંતાજનક છે. બીજાને ત્યાં રોજિંદુ ઘરકામ કરી ગુજરાન ચલાવનાર પણ પેટે પાટા બાંધી પોતાના સંતાનોને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવે છે. એ વિચારે છે કે અંગ્રેજી માધ્યમમાં ભણશે તો એનો દીકરો- દીકરી ક્યાંય પાછા નહીં પડે, એમને પોતાની જેમ બીજાના ઘરે રોજકામના ધસરડા નહીં કરવા પડે. સમાજમાં શિક્ષણ સંદર્ભે ખોટા રોલમોડેલ સેટ થઈ ગયાં છે. આમને આમ નવી પ